# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-09-2022** **Evening : 6.58 to 7.08 PM**
**Day:- Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું ટકાઉ વિકાસના હિમાયતી તરીકે નવું ભારત વિશ્વ ફલક ઉપર નેતૃત્વ પ્રાપ્ત કરી રહ્યું છે.
- સુરત ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 3 હજાર 472 કરોડ રૂપિયાથી વધુ રકમના વિકાસ કામનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત 29 સપ્ટેમ્બરે કરશે.
- ગુજરાતમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં 21 લાખ ફોર્મ જમા થયા હોવાનું ચૂંટણી પંચે જણાવ્યુ.
- કેન્દ્રિય મંત્રી પરસોતમ રૂપાલાને લઈ સાગર પરિક્રમાએ નીકળેલું કોસ્ટગાર્ડ નું જહાજ દીવ બંદરે લાંગરયું
- કેન્દ્રિય વન અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવે કેવડીયાના એકતાનાગર ખાતે સેન્ટ્રલ બ્યૂરો ઓફ કોમ્યુનિકેશન દ્વારા આયોજિત પ્રદર્શન ખુલ્લું મૂક્યું.
- ચોમાસામાં ધોવાઈ ગયેલા રસ્તાના રિસરફેસિંગ માટે 508 કરોડથી વધુ રકમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મંજૂર કરી

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM- Environment Ministers

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે નૂતન ભારત ટકાઉ વિકાસલક્ષી બાબતોમાં અગ્રણી તરીકે ઉભરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સૌરમંડળથી માંડીને જીવનધોરણ સુધી , તમામ બાબતોમાં ભારતનું નેતૃત્વ રહ્યું છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યોના પર્યાવરણ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સંબોધતાં શ્રી મોદીએ કહ્યું કે , ભારત નવા અભિગમ અને નવી વિચારસરણી સાથે આગળ વધી રહ્યું છે. ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનીને ભારત પર્યાવરણીય રીતે મજબૂત બની રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે , દેશનું વન આવરણ વધ્યું છે અને જળ પ્લાવિત વિસ્તારો પણ ઝડપથી વિસ્તરી રહ્યાં છે. તેમણે કહ્યું કે , વર્ષોથી ગીરના સિંહ , વાઘ, હાથી, એક શિંગડાવાળા ગેંડા અને દીપડાઓની સંખ્યામાં વધારો થયો છે. હવે ભારત દ્વારા ચિતાનું ઉષ્માભર્યું સ્વાગત કરીને તેનો ઉમેરો કર્યો છે.

પ્રધાનમંત્રીએ 2070 સુધીમાં દેશમાં શૂન્ય ઉત્સર્જનના લક્ષ્યને હાંસલ કરવા માટે રાજ્યોને સાથે મળીને કામ કરવા વિનંતી કરી હતી. અર્થતંત્રને વેગ આપવા અને ભાવિ પેઢીઓ માટે પર્યાવરણના સંરક્ષણમાં લોકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા જણાવ્યું હતું. ઘન કચરાના વ્યવસ્થાપન અને સિંગલ-યુઝ પ્લાસ્ટિકને નાબૂદ કરવા તરફના પ્રયત્નોને છે. તેમણે પરિષદમાં ઉપસ્થિત તમામ રાજ્યોને પર્યાવરણ સંરક્ષણમાં શ્રેષ્ઠ પ્રયાસો શીખવા અને સમગ્ર ભારતમાં સફળ ઉકેલો લાગુ કરવા વિનંતી કરી.

અગાઉ, કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું કે બે દિવસીય પરિષદમાં જીવન , આબોહવા પરિવર્તન , વન વિસ્તાર વ્યવસ્થાપન , પ્રદૂષણ

નિયંત્રણ, વન્યજીવન વ્યવસ્થાપન , પ્લાસ્ટિક અને કચરાનું વ્યવસ્થાપન વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , પર્યાવરણ રાજ્યમંત્રી અશ્વિની કુમાર ચૌબે ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસીય પરિષદમાં તમામ રાજ્યોના પર્યાવરણ મંત્રીઓ અને સચિવો ભાગ લઈ રહ્યા છે.

---------------------------------

## Prime Minister Modi's visit to Surat

સુરત ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે 3 હજાર 472 કરોડથી વધુ રકમના વિકાસ કામનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત 29 સપ્ટેમ્બર યોજાયું હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે.

ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઇલ સિટી લિમિટેડ એટ્લે કે ડ્રીમ સિટી તરીકે ઓળખાતા હીરા ઉદ્યોગ મહત્વાકાંક્ષી પ્રોજેકટ પૂરો થવા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે અહીં તૈયાર થઈ ચૂકેલા કામનું લોકાર્પણ પ્રધાનમંત્રી શ્રી મોદી કરવાના છે, જેમાં 103 કરોડથી વધુના ખર્ચે બનેલા રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સાડા નવ કરોડના ખર્ચે તૈયાર થયેલા ડ્રીમ સિટીના મુખ્ય પ્રવેશદ્વારનો સમાવેશ થાય છે. ઉપરાંત ડ્રીમ સિટીમાં શરૂ થનાર 370 કરોડ રૂપિયા ના વિકાસ કાર્ય નું ખાતમુહૂર્ત પણ તેઓ કરવાના છે.

વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિ અને પર્યાવરણની જાળવણી કરવાના ઉદ્દેશથી સુરત મહાનગરપાલિકા દ્વારા 139 કરોડ રૂપિયા ના ખર્ચે તૈયાર થનાર બાયોડાયવર્સિટી પાર્ક નું ભૂમિપૂજન પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ના હસ્તે સંપન્ન થવાનું છે. 88 હેક્ટર જમીન માં આકાર પામનાર આ પાર્ક માં કુલ 85 જાતની વનસ્પતિ તેમજ 6 લાખ જેટલાં વૃક્ષ રોપવામાં આવશે.

...............................................................

## <u>NIMA BEN ACHARYA</u>

ચૌદમી વિધાનસભાના નવમા, દસમા અને અગિયારમા સત્રમાં ગૃહની કુલ 29 બેઠકો મળી હતી, જેમાં 18 જેટલા વિધેયકો રજૂ કરવામાં આવ્યા હતા.

વિધાનસભા અધ્યક્ષ નીમાબેન આચાર્યએ આજે ગાંધીનગરમાં પત્રકાર પરિષદ યોજી તેમના કાર્યકાળ દરમિયાન ગૃહમાં થયેલી કામગીરીની માહિતી આપી હતી.

ચૌદમી વિધાનસભાના આ ત્રણ સત્રોમાં થયેલી વિશેષ કામગીરી અંગે વાત કરતાં તેમણે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત, રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દના સંબોધનનો તેમજ યુવાવર્ગ માટે વિધાનસભામાં સૌપ્રથમવાર યોજાયેલા યુવા મોડેલ એસેમ્બલીનો ઉલ્લેખ કર્યો હતો.

**(બાઇટ – નીમાં બેન આચાર્ય)**

..................................................................

## ELECTORAL ROLL BRIEF AMENDMENT PROGRAM

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ખાસ મતદાર યાદી સંક્ષિપ્ત સુધારા ઝુંબેશ અંતર્ગત યોજાયેલા મતદાર યાદી સુધારણા કેમ્પમાં પંચને 21 લાખથી વધુ ફોર્મ મળ્યા છે.

આ અંગે વધુ માહિતી આપતા , ગુજરાતનાં મુખ્ય ચૂંટણી અધિકારી પી ભારતીએ જણાવ્યું કે, 21 અને 28 ઓગસ્ટ તેમજ 4 અને 11મી સપ્ટેમ્બર રવિવાર એમ ચાર દિવસ રાજ્યના આશરે 50 હજારથી વધુ બુથ પર આ સુધારણા કેમ્પ યોજાયા હતા.

**(બાઇટ- પી. ભારતી)**

..................................................................

## AAZADI KA AMRUT MAHOTSAV- QUIZ- 59

અને હવે સાંભળીએ આઝાદી કા અમૃત મહોત્સવની ક્વીઝની શ્રેણી અંતર્ગત આજનો સવાલ ....

**(ઓડિયો- પ્રશ્ન)**

..............................................................

# Road Repair - Chief Minister

ચોમાસાને લીધે ખરાબ થયેલા રાજ્યભરના નાના -મોટા રસ્તાના સમારકામ અને રિસરફેસિંગ માટે 508 કરોડ 64 લાખ રૂપિયા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મંજૂર કરી નવરાત્રિ પહેલા કામ પૂરું કરવા તાકીદ કરી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા વરસાદને લીધે ધોવાઈ ગયેલા 98 જેટલા રસ્તાના કુલ 756 કિલોમીટર જેટલું કામ રિસરફેસિંગ માટે હાથ ધર્યું હોવાનું સતાવાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાલ 5 હજાર 790 કિલોમીટર સડકનું બાંધકામ 5 હજાર 986 કરોડના ખર્ચે શરૂ થઈ ચૂક્યું છે , જ્યારે 1 હજાર 762 કરોડના વધુ સડક બાંધકામ પ્રોજેકટ હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રિયા ચાલી રહી છે.

..............................................................

# BHUPENDRA YADAV - C. B. C. EXHIBITION

કેવડીયા ખાતે એકતાનગરમાં આજથી શરૂ થયેલી પર્યાવરણ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદના સ્થળ નજીક યોજાયેલા એક વિશેષ પ્રદર્શનને કેન્દ્રિય વન અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવે ખુલ્લુ મૂક્યું હતું , જેનું આયોજન માહિતી અને પ્રસારણ મંત્રાલય ના કેન્દ્રીય સંચાર બ્યુરોના ગુજરાત એકમ દ્વારા કરવામાં આવ્યું છે.

આઝાદીના અમૃત મહોત્સવની વિષય વસ્તુ આધારિત આ બેનમૂન ફોટો પ્રદર્શન વિષે મંત્રી શ્રી યાદવને અપર મહાનિદેશક પ્રકાશ મગદુમે વાકેફ કર્યા હતા, જ્યારે નર્મદા ડેમ પરિસરમાં આવું પ્રદર્શન યોજવાની પૂર્વ ભૂમિકા નાયબ નિયામક યોગેશ પંડ્યાએ રજૂ કરી હતી.

આઝાદીની સંઘર્ષ ગાથાને રજૂ કરતું ફોટો પ્રદર્શન નિહાળવા માટે વધુને વધૂ લોકો અહીં પહોંચી રહ્યા છે. કેવડીયાની માધ્યમિક શાળામાં આઝાદીના અમૃત મહોત્સવ અંગે નિબંધ સ્પર્ધા યોજવા ઉપરાંત એકતાનગરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ સી. બી. સી. દ્વારા યોજાયા છે.

...............................................................

## RAJKOT SPORTS HOSTEL - HARSH SANGHVI

રાજકોટ ખાતે 18 કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ અને સ્પોર્ટસ હોસ્ટેલનું લોકાર્પણ આજે ગૃહ અને રમતગમત મંત્રી હર્ષ સંઘવીના હસ્તે યોજાઈ ગયું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ સ્પોર્ટ્સ સંકુલમાં મહિને માત્ર બસ્સો રૂપિયામાં ખેલકૂદની ઉત્તમ તાલીમ મળશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે છત્રીસમી નેશનલ ગેમ્સનું આયોજન માત્ર ૯૦ દિવસમાં કરીને ગુજરાત એક ઇતિહાસ રચવા જઈ રહ્યું છે અને ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનની ટીમે પ્રાથમિક પરીક્ષણ બાદ ગુજરાતે કરેલી તૈયારી ને વખાણી હતી. નેશનલ ગેમ્સમાં ભાગ લેવા માટે આવેલા દેશભરના ખેલાડીઓ અહીં ગરબા માણે તેવી વ્યવસ્થા પણ ગોઠવાઈ રહી હોવાનું મંત્રી શ્રી સંઘવીએ ઉમેર્યું હતું.

..............................................................

## JITU VAGHANI - JUNAGADH

શિક્ષણમંત્રી જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં આજે કેશોદની યુ.કે. વાછાણી મહિલા કોલેજ ખાતે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ચતુર્થ યુવક મહોત્સવનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા અને સાંસદ રમેશભાઇ ધડુક સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે ગુજરાતનો યુવાન આજે કલા કૌશલ્ય અને ટેકનોલોજીથી સજ્જ થઈ ઇનોવેટિવ આઈડિયા સાથે વિશ્વ કક્ષાએ અગ્રેસર છે. આ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દિશા નિર્દેશમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં યુવાઓના ઉત્કર્ષલક્ષી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

શ્રી વાઘણીએ આ યુવક મહોત્સવમાં સહભાગી થયેલા જુનાગઢ, દ્વારકા, ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લાની કોલેજના 700 વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.

આ પ્રસંગે ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે યુવાઓમાં કલાનું સામર્થ્ય છે. જે બહાર લાવવા માટે આવા યુવક મહોત્સવ મુખ્ય સ્રોત બની રહે છે.

યુવક મહોત્સવના ઉદઘાટન સમારોહના દિવસે અલગ-અલગ થીમ તથા આકર્ષક-પચરંગી ફ્લોટ્સ ધરાવતી વિશાળ કલાયાત્રા કેશોદમાં યોજાઈ હતી. આ કાર્યક્રમ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ચેતન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવી રહ્યો છે.

.................................................................

# SURAT IDT

ગુજરાતમાં નવરાત્રીને લઈને હંમેશા અનેરો ઉત્સાહ રહ્યો છે. અને આ વર્ષે ગુજરાતમાં યોજાઈ રહેલી 36મી નેશનલ ગેમ્સને કારણે એક અલગ જ તહેવાર જેવો માહોલ જોવા મળી રહ્યો છે. આ વખતેસુરત માં આઈડીટીના ડિઝાઈન સ્ટુડન્ટ્સે એ જ ઉત્સાહને વધારતા નવરાત્રિનું એવું કલેક્શન માર્કેટમાં લૉન્ચ કર્યું, જેમાં ડિઝાઇનર એલિમેન્ટ્સ તેમજ નવરાત્રિના રંગો અને ભારતની વિવિધ કળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સાથે જ નેશનલ ગેમ્સમાંથી પ્રેરણા લઈને નવરાત્રિ ડ્રેસ નેશનલ ગેમ્સમાં યોજાનારી તમામ 36 રમતોને દર્શાવે છે. પેચ વર્ક અને હેન્ડ એમ્બ્રોઇડરીથી હાઇલાઇટ કરાયેલ , આખું વસ્ત્ર રમતગમતની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. સ્પેશિયલ નેશનલ ગેમ્સનો લોગો દુપટ્ટા પર છપાયેલો છે.

----------------